# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગુજરાતના સાવજ આજે દેશની અસ્મિતાનું વૈશ્વિક પ્રતીક બન્યા છે.
2. બરડા અભયારણ્ય વિસ્તારમાં 75 કરોડ રૂપિયાના ખર્ચે નવો સફારી પાર્ક અને પ્રવાસીઓની સુવિધાના કામો હાથ ધરાશે.
3. સૌરાષ્ટ્રના 11 સહિત રાજ્યના મોટા ભાગના જિલ્લામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી
4. ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે આજે રાજ્યભરમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયો
5. દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં આજે ભારે વરસાદની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# DWARKA  LION DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગુજરાતના સાવજ આજે દેશની અસ્મિતાનું વૈશ્વિક પ્રતીક બન્યા છે. બરડા વન્યજીવ અભ્યારણ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું, સિંહના વિચરણનો વિસ્તાર પાછલા અઢી દાયકામાં 3 જિલ્લાથી વધીને 11 જિલ્લા સુધી વિસ્તર્યો છે. આજે મુખ્યમંત્રીના હસ્તે 180 કરોડ રૂપિયાના ખર્ચે વન વિભાગના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું. જેમાં રાજ્યની 24 જેટલી ઇકો ટુરીઝમ સાઇટ માટે હવે ઘરે બેઠા બૂકિંગ થઈ શકે તે માટેનું પોર્ટલ કાર્યરત થયું છે. શ્રી પટેલે કહ્યું, બરડા અભયારણ્ય વિસ્તારમાં 75 કરોડ રૂપિયાના ખર્ચે નવો સફારી પાર્ક અને પ્રવાસીઓની સુવિધાના કામો હાથ ધરાશે. તેમણે ઉમેર્યું 143 વર્ષના લાંબા સમય બાદ બરડા ડુંગરમાં સિંહોએ કુદરતી રીતે પુનઃ વસવાટ શરૂ કર્યો છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, બરડામાં સિંહોનો પુનઃ વસવાટ થતા બરડાની જૈવ વિવિધતામાં નવી ઊર્જાનો સંચાર થશે, ઇકો ટુરિઝમને વેગ મળશે.

(બાઇટ : ભૂપેન્દ્ર યાદવ, કેન્દ્રીય મંત્રી)

બરડા અભયારણ્ય ખાતે આજે નવીન સફારી પાર્ક અને ઇન્ટરપ્રિટેસન સેન્ટરનું ખાતમુહૂર્ત, તૃણાહારી પ્રાણીઓના સંવર્ધન પ્રજનન કાર્યક્રમ બ્રીડિંગ સેન્ટરનું ખાતમુહૂર્ત, વન વસાહતી ગામો અને ઇકો સેન્સિટિવ ઝોનમાં ઇકો ડેવલપમેન્ટની કામગીરીનો શુભારંભ જેવા વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

-------------

# vishv sinh divas – district

રાજ્ય સહિત જિલ્લા અને તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષા એ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરી વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

અમરેલીમાં વિદ્યાસભા શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસમાં વિશ્વ સિંહ દિવસની રેલી સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, અને ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા, આપણા ગીરનું ગૌરવ સિંહ એટલે બહાદુરી, વીરતા, શોર્ય અને શક્તિનું પ્રતીક માનવમાં આવે છે.

ગીર સોમનાથ જીલ્લાના તાલાલા સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સિંહોના સંરક્ષણ અને સંવર્ધન તેમજ જૈવિક મહત્વ અને સ્થાનિક પર્યાવરણમાં સિંહોની ભૂમિકા વિશે માહિતગાર કરવાનો હતો. આચાર્ય કિર્તીગીરી મેઘનાથીએ જણાવ્યું હતું કે, ગીર એશિયાઈ સિંહોનું એકમાત્ર ઘર છે. જેથી આપણે આ પ્રજાતિના સંરક્ષણમાં સક્રિય યોગદાન આપીએ.

બોટાદ શહેરમાં શાળાના વિધાર્થીઓ દ્વારા સિંહનું મુખુટ પહેરી સુત્રોચાર કરી વિશ્વ સિંહ દિવસની રેલી યોજી હતી. કાર્યક્રમ દરમ્યાન ફોરેસ્ટ વિભાગના અધિકારી તેમજ શાળા ના શિક્ષકો અને આચાર્ય સહિત મોટી સંખ્યામાં વિધાર્થીઓ રેલીમાં જોડાયા હતા.

જામનગરમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણીના ભાગરૂપે જામનગર વન વિભાગ અને પર્યાવરણ પ્રેમી સંસ્થા લાખોટા નેચર કલબના સંયુક્ત

ઉપક્રમે કરવામાં આવી હતી. જેમાં જામનગરની સરકારી અને ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને સિંહ વિષે માહિતી આપવામાં આવી હતી.

-------------

## World Lion Day - District-wise Celebrations

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આજે ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ જેમાં, વિદ્યાર્થીઓએ સિંહના જીવન ચક્ર ,તેમના નિવાસ્થાન તથા પર્યાવરણમાં તેની ભૂમિકાઓ વિશે રસપ્રદ માહિતી રજૂ કરી આવી.

નવસારી જિલ્લામાં પણ સામાજિક વનીકરણ રેન્જ સુપા દ્વારા એ.બી .સ્કૂલ સહિત અન્ય શાળાઓમાં' વિશ્વ સિંહ દિવસ' ની ઉજવણી કરવામાં આવી. જેમાં વિવિધ શાળાઓમાં નિબંધ લેખન ચિત્ર સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા અને પ્રશ્નોત્તરી તેમજ જાહેર સ્થળોએ રેલી સહિતના વિવિધ કાર્યક્રમો કરી' સિંહ બચાવો' સંદેશ પાઠવવામાં આવ્યો.

આ જનજાગૃતિ અભિયાનમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ' એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરીને પોતાના વાવેલા વૃક્ષને સાચવવાનો સંકલ્પ લેવાયો તેમજ તમામ સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ખાસ સખત પણ લેવામાં આવ્યા.

-------------

# HARSH SANGHAVI SURAT

ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે આજે રાજ્યભરમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયા. આ પરિસંવાદમાં પોલીસ-સરપંચ સમન્વય માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ હતી. જે પૈકી પોલીસ અને સરપંચ વચ્ચે સંકલન વધારવા માટે દરેક ગામના સરપંચ અને પોલીસ અધિકારીઓનું એક વોટ્સએપ ગ્રુપ બનાવવામાં મહત્વપૂર્ણ સૂચન થયું હતું, જેથી તાત્કાલિક માહિતીની આપ-લે થઈ શકે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સુરત જિલ્લાના કામરેજ પોલીસ મથકમાં સરપંચો અને ગ્રામજનો સાથે પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા. શ્રી સંઘવીએ કહ્યું આગામી દિવસોમાં દર મહિને અથવા બે મહિને પોલીસ મથકના વડા પોતાના વિસ્તારના સરપંચો સાથે બેઠક કરી ગામના પ્રશ્નો સાંભળશે.

(બાઇટ : હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી)

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં સરપંચો અને ગ્રામજનો સાથે પરિસંવાદમાં જોડાયા હતા. તે ઉપરાંત રાજ્યના દરેક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીઓ તેમના કાર્યક્ષેત્રમાં આવતા તમામ ગામોના સરપંચો સાથે સીધો સંવાદ કર્યો હતો.

-------------

# WEATHER FORECAST

આગામી 24 કલાકમાં રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આજે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. અરબી સમુદ્રમાં અપરએર સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે આ વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે આગામી સપ્તાહે એટલે કે 14 ઓગસ્ટથી ફરી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ.કે. દાસે જણાવ્યું હતું.

(બાઇટ : એ.કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

-------------

# GUJARAT RAIN

રાજ્યમાં મોસમનો સરેરાશ 64 ટકા વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સરેરાશ 68 ટકા વરસાદ નોંધાયો છે. જળાશયોની સ્થિતની વાત કરવામાં આવે તો રાજ્યના 52 જળાશય હાઇ અલર્ટ પર છે. જ્યારે 24 જળાશય એલર્ટ પર છે. રાજ્યના 29 જળાશય 100 ટકા ભરાયા છે. અત્યાર સુધી પડેલા વરસાદના કારણે 763 લોકોને સુરક્ષિત સ્થળ ખસેડાયા છે. જ્યારે 4 હજાર 399 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

-------------

# RAJYPAL-SADHAN SAHAY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને આજે કચ્છના ભચાઉ ખાતે દિવ્યાંગો માટે સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા આયોજિત સહાય વિતરણ કાર્યક્રમમાં દિવ્યાંગજનોને રાજ્યપાલના હસ્તે ઇલેક્ટ્રીક અને મેન્યુઅલ ટ્રાઈ સાઇકલ, વ્હીલ શેર કેલિપર અને સ્માર્ટફોન સહિતના જીવન જરૂરી સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. આ તકે , રાજ્યપાલશ્રીએ દિવ્યાંગજનોના સશક્તિકરણની દિશામાં શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાની પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, દિવ્યાંગજનો એ આપણા સમાજનું અભિન્ન અંગ છે અને દિવ્યાંગજનોને મુખ્ય ધારામાં લાવવા એ આપણા સૌનું સામાજિક દાયિત્વ છે.

આ પ્રસંગે તેમણે સમગ્ર માનવ જાતના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ પણ કર્યો હતો.

-------------

# TAPI KE TARE-MUKESH PATEL

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે સુરત એરપોર્ટ ખાતે "તાપી કે તારે " પ્રોજેક્ટ હેઠળ પ્રથમ વખત ઈસરોના પ્રવાસે જઈ રહેલા 28 આદિવાસી બાળકો સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

તાપી જિલ્લાની 15 સરકારી શાળાઓના વિજ્ઞાન પ્રવાહના 28 આદિવાસી

બાળકો તારીખ 10 થી 13 ઓગસ્ટ દરમિયાન ઈસરોના શ્રી હરિકોટા સ્થિત સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરના શૈક્ષણિક પ્રવાસે સુરત એરપોર્ટ પરથી રવાના થયા .

આ તકે મંત્રીશ્રીએ ચેન્નઈ ઇસરો ખાતેના શૈક્ષણિક પ્રવાસે જતા વિદ્યાર્થીઓને ' લર્ન વિથ ફન' આનંદ સાથે કંઈક નવું શીખવાની પ્રેરણા આપતાજણાવ્યું હતું કે, આ પ્રવાસ બાળકોને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અને વિચાર શક્તિ વિકસાવવા માટે મદદરૂપ થશે અને ઈસરોની મુલાકાત વિજ્ઞાન ક્ષેત્રમાં કંઈક નવું કરવા, ઉજ્જ્વળ કારકિર્દી ઘડવામાં ઉપયોગી સાબિત થશે.

-------------